# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-11-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1) **કેન્દ્રિય કાપડમંત્રીએ કહ્યું કે, વર્ષ 2030 સુધીમાં દેશના કાપડ ઉદ્યોગના ટર્નઓવરને 350 અબજ ડૉલર સુધી પહોંચાડાશે.**
2) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા સ્વાગત ઑનલાઈન કાર્યક્રમમાં 120 જેટલી ફરિયાદોનું નિરાકરણ.**
3) **અમદાવાદમાંથી ઓસ્ટ્રેલિયાની નકલી ચલણી નોટ છાપવાની ફેક્ટરી ઝડપાઇ.**
4) **ગાંધીનગરના ઈન્દ્રોડા પાર્કના પ્રાણીઓને ઠંડીથી બચાવવા પિંજરામાં હીટર મૂકવામાં આવ્યા.**
5) **તાપીના સ્મિત મોરડીયાએ દિલ્હી ખાતે યોજાયેલી શૂટિંગની સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો.**

---

## SURAT PM MITRA PARK

કેન્દ્રીય કાપડ મંત્રી ગિરીરાજ સિંહે જણાવ્યું કે, ‘વર્ષ 2030 સુધીમાં દેશના કાપડ ઉદ્યોગનો વકરો એટલે કે, ટર્નઓવરને 350 અબજ ડૉલર સુધી પહોંચાડવાનો કેન્દ્ર સરકારનો લક્ષ્યાંક છે.’

સુરતમાં ગઈકાલે પીએમ મિત્ર પાર્ક અંગે કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારીઓ સાથેની સમીક્ષા બેઠક દરમિયાન શ્રી સિંહે આ મુજબ જણાવ્યું હતું.

નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના વાંસી બોરસી ખાતે એક હજાર 141 એકરમાં પીએમ મિત્ર પાર્કનું નિર્માણ થઈ રહ્યું છે. આ માટે શ્રી સિંહે જમીનના સ્તર, પાણી અને વીજળી પૂરવઠા, પાણીના નિકાલ માટેના સંયંત્ર પ્લગ અને પ્લે સુવિધાઓની કામગીરીની સમીક્ષા કરી જરૂરી સૂચનો આપ્યા હતા.

..............................................................................................................................

## A’VAD IN. NATIONAL BOOK FAIR

નેશનલ બૂક ટ્રસ્ટ - NBT અને અમદાવાદ મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે આવતીકાલથી આઠમી ડિસેમ્બર દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ‘અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ’ યોજાશે.

અમદાવાદમાં પત્રકાર પરિષદને સંબોધતા મેયર પ્રતિભા જૈને જણાવ્યું કે, આ વર્ષે પહેલી વાર અમદાવાદ નેશનલ બુક ફેર NBTના સહયોગથી આંતરરાષ્ટ્રીય કક્ષાનો આ બુક ફેસ્ટિવલ તરીકે યોજાશે.

આ મહોત્સવમાં એક હજારથી વધુ પ્રકાશકો ઉપરાંત ખ્યાતનામ લેખકો પણ ભાગ લેશે. મહોત્સવમાં સ્પેન, શ્રીલંકા, પોલેન્ડ, ડેન્માર્ક, સ્કોટલેન્ડ, સિંગાપોર, યુ.એ.ઈ. જેવા દેશોના લેખકો તથા પ્રખ્યાત ગુજરાતી લેખકો વાચકો સાથે સીધો સંવાદ કરશે. આ અંગે NBTના મેનેજર સેલ્સ અમિતસિંહે માહિતી આપી હતી.

(ઓડિયો – અમિતસિંહ, મેનેજર સેલ્સ, NBT)

..............................................................................................................................

# CM SWAGAT PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગઈકાલે યોજાયેલા સ્વાગત ઑનલાઈન જન-ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં 120 જેટલી રજૂઆતોનું નિરાકરણ કરાયું હતું. મુખ્યમંત્રીએ રજૂ થયેલા પ્રશ્નો અને સમસ્યાનું નિશ્ચિત સમયમાં નિરાકરણ કરવા અધિકારીઓને દિશા-નિર્દેશ આપ્યા હતા.

ઉપરાંત શ્રી પટેલે સાત જેટલા અરજદારોની લાંબા સમયની પડતર રજૂઆતોને સાંભળીને તે અંગે સંબંધિત જિલ્લા તંત્ર કે વિભાગે કરેલી કાર્યવાહીની પણ જાણકારી મેળવી હતી. શ્રી પટેલે અરજદારોને વારંવાર કચેરીમાં આવવું ન પડે તેવી સ્થિતિ નિર્માણ થાય તે હેતુસર અધિકારીઓને નિવારણ લાવી તે અંગે રજૂઆતકર્તાને જાણ કરવા પણ સૂચન આપ્યા હતા.

.........................................................................................................................

# SWAGAT - BANASKANTHA

બનાસકાંઠા અધિક જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને ગઇકાલે પાલનપુર કલેક્ટર કચેરી ખાતે જિલ્લાકક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમને અનુલક્ષીને અરજદારોની ફરિયાદોને હકારાત્મક અભિગમ આપીને જિલ્લાકક્ષાએથી નિકાલ કરાયો હતો. બનાસકાંઠા જિલ્લાના અમારા પ્રતિનિધિ સાવજી ચૌધરી જણાવે છે કે, સ્વાગત કાર્યક્રમમાં છેતરપિંડી અંગે પોલીસ ફરિયાદ ન નોંધવા અંગે, એસ.ટી.બસ મથક ચાલુ કરવા, પાણીને લગતા પ્રશ્નો, મિલકત પત્રને લગતા પ્રશ્નો  રજૂ કરાયા હતા.

.........................................................................................................................

# A’VAD SOG

અમદાવાદમાંથી ઓસ્ટ્રેલિયાની નકલી ચલણી નોટ છાપવાની ફેક્ટરી ઝડપાઇ છે. અમદાવાદ શહેરના વટવા GIDCમાં આવેલી ફેક્ટરીમાં નકલી ઓસ્ટ્રેલિયન ડોલર છાપવામાં આવતા હતા. આરોપીઓ છાપેલી નોટોને બજારમાં વટાવવાની તૈયારીમાં હતા. આ પહેલા જ ફેક્ટરી પર અમદાવાદ સિટી પોલીસના SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ)ની ટીમે દરોડા પાડતાં સમગ્ર રેકેટનો પર્દાફાશ થયો છે. SOGની ટીમે ચાર આરોપીઓની ધરપકડ કરી છે.

આ સાથે ફેક્ટરીમાંથી નકલી ચલણી નોટ, અત્યાધુનિક પ્રિન્ટિંગ મશીન અને 11 લાખ 92 હજાર રૂપિયાની કિંમતનો માલ-સામાન પણ જપ્ત કરાયો છે. SOGની ટીમ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

....................................................................................................................

# MID BREAK NEWS REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

....................................................................................................................

# INDRODA PARK HEATER

ગાંધીનગરમાં આવેલા ઈન્દ્રોડા પાર્કમાં પ્રાણીઓને ઠંડીથી બચાવવા તેમના પિંજરામાં હીટર મુકવામાં આવ્યા છે.

ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, ગાંધીનગરમાં ઠંડીનો પારો 15 ડિગ્રી સેલ્સિયસથી ઓછો થયો છે. આવી સ્થિતિમાં શિયાળા દરમિયાન પ્રાણીઓ માટે ઈન્દ્રોડા પાર્કમાં વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. ઉપરાંત થર્મલ બલ્બ અને વિશેષ આશ્રયસ્થાનોની સ્થાપના કરવામાં આવી છે. પ્રાણીઓનો ખોરાક પણ વધારવામાં આવ્યો છે.

..........................................................................................................................

## NAMO SARSVATI SADHNA YOJNA

નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં અઢી લાખથી વધુ વિદ્યાર્થીઓને 28 કરોડ રૂપિયાથી વધુની આર્થિક સહાય ચૂકવવામાં આવી છે.

આ યોજના હેઠળ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ધોરણ 11 અને 12 માટે 25 હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ...

**(ઓડિયો -જયેશ પટેલ- વોઇસ કાસ્ટ)**

..........................................................................................................................

## STUDENT CHESS FESTIVAL

અમદાવાદના સાયન્સ સિટી ખાતે આવતીકાલથી "સ્ટૂડન્ટ ચેસ ફેસ્ટિવલ"નો પ્રારંભ થશે. રાજ્યના એક હજાર 300થી વધુ વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લેશે. બાળકોમાં ચેસ પ્રત્યે રૂચિ વધે તે હેતુથી ગાંધીનગરની ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી અને ગુજરાત સ્ટેટ ચેસ મંડળના સહયોગથી યોજાયેલી આ સ્પર્ધા સાયન્સ સિટીના વિજ્ઞાન ભવન ખંડમાં 2 ડિસેમ્બર સુધી ચાલશે.

આ સ્પર્ધામાં આવતીકાલે 12થી 17 વર્ષની વય જૂથના વિદ્યાર્થીઓ માટે, પેહલી ડિસેમ્બર રવિવારે 11 વર્ષથી નાના બાળકો માટેની સ્પર્ધા અને બીજી ડિસેમ્બરે 18થી 25 વર્ષની વય જૂથના વિદ્યાર્થીઓ માટેની સ્પર્ધા યોજાશે. સ્પર્ધાના વિજેતાઓને પાંચ લાખ રૂપિયાના ઈનામનું વિતરણ કરાશે. 600 વિજેતાને રોકડ રકમ અને ગુજરાત ચેસ મંડળના નિષ્ણાત ચેસ પ્રશિક્ષક પાસેથી નિઃશુલ્ક પ્રશિક્ષણનો લાભ મળશે.

.......................................................................................................................

# TAPI- GOLD MEDAL

તાપી જિલ્લાના ખેલાડી સ્મિત મોરડીયાએ દિલ્હી ખાતે યોજાયેલી વર્લ્ડ યુનિવર્સિટી ચેમ્પિયનશિપ 2024ની શૂટિંગ સ્પર્ધામાં રજત ચંદ્રક મેળવ્યો હતો, જ્યારે ખેલાડીએ ટીમને સુવર્ણ ચંદ્રક અપાવ્યો હતો. આ સ્પર્ધામાં 33 દેશની ટીમે ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ભારતમાંથી પસંદગી પામેલ ત્રણ ખેલાડીઓમાંથી તાપીના સ્મિત મોરડીયા પણ હતા. તેમનું કહેવું છે કે દરેક રમત ખૂબ જ સારી છે પણ તેમાં સિદ્ધિ મેળવવા કઈક કરી બતાવવાની ભાવના હોવી જોઇએ.

**(ઓડિયો - સ્મિત મોરડિયા)**

.......................................................................................................................

# GANDHINAGAR RAMTOTSAV

ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઈકાલે ગાંધીનગરમાં ગૃહરક્ષક અને નાગરિક સંરક્ષણ દળ રાજ્ય કક્ષાના રમતોત્સવને ખુલ્લો મૂક્યો હતો. આ પ્રસંગે શ્રી સંઘવીએ કહ્યું કે, આગામી સમયમાં ગૃહરક્ષક અને નાગરિક સંરક્ષણ દળના જવાનોને વિવિધ રમતોની જિલ્લા અને રાજ્ય કક્ષાએ કાયમી તાલીમ આપવા માટે રમત – ગમતની સુવિધાઓ વિકસાવવામાં આવશે.

શ્રી સંઘવીએ કહ્યું કે, સમાજની દરેક તકલીફને પોતાની તકલીફ સમજી ગૃહરક્ષક હરહંમેશ નાગરિકોના હિતાર્થે કામ કરે છે. નાગરીકો સાથે સીધા સંપર્કમાં હોવાથી અને સમાજ સાથે સૌથી નજીકથી કામ કરતું દળ હોવાથી ગૃહરક્ષક સરકાર અને પોલીસ માટે 'હ્યુમન ઇન્ટેલિજન્સ' તરીકે વિશેષ સહાય કરી શકે છે.

આ રમતોત્સવમાં રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા બનેલા રાજ્યના જવાનોને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા.

......................................................................................................................